Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૩ જો. તા. ૧૫-૧૦-૫૧ આશ્વિન.

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ નરોત્તમદાસ શામજીભાઇનું સંક્ષિપ્ત જીવનવૃત્તાંત.

સૌરાષ્ટ્ર દેશમાં ભાવનગર વ્યાપાર, વાણિજ્ય, હુન્નર-ઉદ્યોગ માટેનું કેન્દ્ર ગણાય છે. તેની રામરાજ્ય તરીકે ઉત્તરોત્તર ગણના થતી આવેલી હતી. ભાવનગર શહેર સ્થાપનાની લગભગ સાથે જ જૈન સમાજનું મુખ્ય જિનમંદિર થયેલું છે. તેમાં બિરાજમાન પરમાત્મા શ્રી ઋષભદેવ પ્રભુની તેમજ સ્વર્ગવાસી શાંતમૂર્તિ કૃપાળુ ગુરુદેવશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની શીતલ છાંયા નીચે, તેમજ અનેક વિદ્વાન આચાર્ય ભગવંતો અને મુનિપુંગવોના આવાગમનથી, ધર્મભાવના, ક્રિયાકાંડો, આરાધના વગેરેનો સતત્ પ્રવાહ ચાલુ જ છે.

ભૂતકાલમાં થઈ ગયેલા જૈન સંઘના આગેવાનોએ મૂકેલો વારસો, જે કે સચવાયેલી જૈન સંઘની ચાલી આવતી સંસ્કૃતિ, પ્રણાલિકા હજી સુધી તે માર્ગે જ જતી હોવાથી, મ્હોટો અને વધતો જતો સમુદાય છતાં, સંઘ મળતાં અનેક મતભેદો પડતા છતાં જૈન સંઘનું સંગઠ્ઠન-એકમ અત્યાર સુધી જળવાઈ રહેલ છે તે એક, ભાવનગર જૈન સંઘની વિશિષ્ટતા છે, જે અન્ય શહેર ગામોમાં ભાગ્યે જ જોવાય છે. આ બધું દેવ, ગુરુની કૃપા અને ભૂતપૂર્વ આગેવાનોને આભારી છે.

આવા સંગઠ્ઠિત જૈન સંઘમાંના શ્રદ્ધાળુ શેઠશ્રી શામજીભાઈ જસરાજને ત્યાં માતુશ્રી દિવાળીબાઇની કૂક્ષિમાં સંવત ૧૯૫૪ ના માગશર સુદિ ૧ નાં રોજ શ્રીયુત નરોત્તમદાસનો જન્મ થયો હતો.

શેઠ શામજીભાઈ જે ગુરુદેવના નામની આ સંસ્થા છે, તેમના અહીંના આઠ પરમ ભક્તો પૈકીના એક હોઈ આ સભાનું સ્થાપન કરવામાં મુખ્ય હતા. ભાઇશ્રી નરોત્તમદાસે ગુજરાતી સાથે ઇંગ્રેજી જોઇએ તેટલી કેળવણી પ્રાપ્ત કરી, પૂર્વના પુણ્યયોગે વ્યાપારાર્થે મુંબઈ ગયા. અને ત્યાં શેર અને ચાંદીના વ્યાપારનો અનુભવ મેળવી સ્વતંત્ર ધંધો કરતાં લક્ષ્મી સારી પ્રાપ્ત કરી. સંસ્કાર હતા અને લક્ષ્મીને ચંચળ માની યથાશક્તિ આત્મકલ્યાણ માટે ધાર્મિક કાર્યોમાં સુવ્યય કરવા લાગ્યા. ક્રમે ક્રમે સમેત્તશિખર તીર્થ વગેરેની યાત્રા કરતા હતા.

ખુશી થવા જેવું એ છે કે-છેલ્લા દશ વર્ષથી મુંબઇમાં દરરોજ પાંચ રૂપીયા ગરીબ-નિરાધારને ખાવાનું આપ્યા પછી જમવાનો નિયમ ભાઈશ્રી નરોત્તમદાસે ગ્રહણ કરેલો ચાલુ છે. સ્વભાવે માયાળુ, મિલનસાર છે. પોતાનાં પૂજ્ય પિતાશ્રીનો ગુરુભક્તિનો વારસો લઈ આ સભાના તેઓ માનવંતા પેટ્રન થયા છે જે માટે આ સભા આભાર માને છે. શ્રીયુત્ નરોત્તમદાસ દીર્ઘાયુ થઈ આધ્યાત્મિક, શારીરિક, આર્થિક લક્ષ્મી વિશેષ વિશેષ પ્રાપ્ત કરે એમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૭. | આશ્વિન. | પુસ્તક ૪૯ મું. |
| વિક્રમ સં. ૨૦૦૭. | :: તા. ૧૫ મી ઓકટોબર ૧૯૫૧ :: | અંક ૩ જો. |

## સામાન્ય જિન સ્તવન.

( રાગઃ—છોડ બાબુલ કે ઘર. ફિલ્મ—બાબુલ )

છોડ[1] દાદાકે ઘર, મોહે મેરે વતન આજ જાના પડા. ઓ...

ખૂબ ભક્તિકા રંગ જમાતા થા મૈં (૨)
દિન ધાર્મિક સાથ બીતાતા થા મૈં. છોડ. ૧

દેખ નવ નવી અંગીયાં રીઝાતા થા મૈં (૨)
ગીત ગાકર ખુશીયાં મનાતા થા મૈં. છોડ. ૨

પ્રભુ જાપ જપી પાક[2] હોતા થા મૈં (૨)
પાપ ધોકર આનંદ પાતા થા મૈં. છોડ. ૩

પ્રભુ દર્શન ગંગમેં નાહતા થા મૈં (૨)
ઔર કર્મકા મેલ મિટાતા થા મૈં. છોડ. ૪

આત્મ કમલ લબ્ધિ સુહાતા થા મૈં (૨)
શિવવધૂકે નિકટ જાતા થા મૈં. છોડ. ૫

આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.

---

૧ જિનેશ્વરના દર્શન–વંદન કરી પોતાના ઘેર જતી વખતે નીકળેલ ભક્તના હૃદયોદ્‌ગાર. ૨. પવિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ' સુબોધમાળા '

( લેખકઃ—આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિ મહારાજ )

( ગતાંક પૃષ્ઠ ૧૮૨ થી શરૂ )

૭૯ માનવી મનથી તથા કાયાથી તો પોતાનું જ હિતાહિત કરી શકે છે પણ વાણીથી તો સમગ્ર સંસારનું પણ હિતાહિત કરી શકે છે; માટે જ સ્વ–પરનું શ્રેય સાધવા વાણીના સંયમની અત્યંત આવશ્યકતા છે.

૮૦ ત્યાગ અમૂલ્ય વસ્તુ છે. નરપતિ તથા સુરપતિ જેવા પણ તેની કિંમત આપી શકતા નથી, છતાં મનગમતાં ખાન–પાન તથા માન–સન્માન મેળવીને જે ત્યાગી સંતોષ માનતો હોય તો તે ત્યાગને ઓળખીને તેની કદર કરી શકયો નથી. પારસમણીને તો ઝવેરી જ ઓળખીને તેનો આદર કરે છે અને તેનાથી ઉચિત લાભ મેળવી શકે છે પણ અજાણના હાથમાં આવેલું મણિ પોતાની કિંમત ઘટાડીને અનાદરનું પાત્ર થાય છે.

૮૧ ભોગ તો જડાસક્તિનો પોષક હોઇ શકે છે પરંતુ ત્યાગ પણ જો પોષક થાય તો બન્નેમાં કાંઇપણ અંતર રહેતું નથી; માત્ર નામનો ભેદ છે, અર્થનો નથી.

૮૨ વૃત્તિમાં વક્રતા રાખી પ્રવૃત્તિમાં સરળતા દેખાડનારમાં ધર્મભાવના હોઈ શકતી નથી.

૮૩ પુદ્ગલાનંદિ જીવ ભલે રાગ–દ્વેષનો તાબેદાર હોય છતાં તેને સાચું જાણવામાં અને વર્તવામાં રાગ–દ્વેષનો ભય રાખવાની જરૂરત નથી.

૮૪ સારું સાંભળવું સહુ કોઇને ગમે છે પણ સાચું સાંભળવું તો કોઇકને જ ગમે છે.

૮૫ તમે ગમે તેમ માનો પણ તેથી જો બીજાનું અકલ્યાણ થતું હોય તો બીજાને મનાવવાનો આગ્રહ રાખશો નહિં.

૮૬ બીજા બધાય વિષયો છોડવા છતાં માત્ર કાન તથા આંખના વિષયની આસક્તિ પામરતાને છોડી શકતી નથી.

૮૭ દેહ–સન્માનનો આદર કરનાર આત્મ–સન્માનનો અનાદર કરે છે.

૮૮ ક્ષમા–નમ્રતા–સરળતા–સંતોષ તથા વિષય વિરક્તિનો આદર કર્યા સિવાય સંસારમાં કોઇ પણ સુખે જીવી શકે જ નહિ.

૮૯ લાખપતિ–ક્રોડપતિ–રાજા કે ચક્રવર્તી કેમ ન હો પણ જયાં સુધી કષાય તથા વિષયના આશ્રયે જીવતો હોય ત્યાં સુધી ફરજીયાત દુઃખને સુખ માનવું જ પડે છે.

૯૦ માત્ર આંખથી આંધળો પોતાનું જ અહિત કરી શકે છે, તેમાં પણ ખાસ કરીને તો શરીરનું; પણ જ્ઞાનથી આંધળો તો સ્વ–પરના આત્માનું અહિત કરીને ઉભય લોકમાં દુઃખનો ભોગી બને છે.

૯૧ ક્ષણિક અને તુચ્છ વૈષયિક આનંદ માટે સાચું સુખ–શાંતિ તથા આનંદનો અનાદર કરનાર આત્મદ્રોહ કરી પ્રભુનું અપમાન કરે છે.

૯૨ મોટાઇની લાલસા ઈર્ષ્યા તથા દ્રોહને પેદા કરનારી છે.

૯૩ આંખ તથા કાનના વિષયની આસક્તિને આદરનાર મિથ્યાભિમાનનો આદર કરે જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૯૪ પારકાના અવગુણ સાંભળીને રાજી થનારમાં એકેય ગુણ હોતો નથી.

૯૫ ગુણવાનના અવગુણ સાંભળીને પ્રસન્ન થનાર અસાધુતાનો દાસ હોય છે.

૯૬ બીજામાં દોષો જોવા-જાણવા છતાં પણ મન તથા વાણીને દોષોથી દૂષિત ન કરનાર ઉત્તમ કોટીનો પવિત્ર પુરુષ છે.

૯૭ અણસમજુ-અજ્ઞાનીયોની પ્રશંસાથી પ્રસન્ન થઇને જ્ઞાનીયોની પ્રશંસાનો અનાદર કરનારમાં માણસાઇ હોતી નથી.

૯૮ માત્ર વર્તમાન દેહના માન-સન્માન માટે ધાર્મિક પ્રવૃત્તિઓ આદરી કષ્ટાનુષ્ઠાન કરનાર ભાવી જીવનનું ભલું કરી શકતો નથી.

૯૯ રાગ દ્વેષનો અનાદર કરીને માત્ર આત્મશુદ્ધિ માટે જ તપ-ત્યાગ આદિ ધાર્મિક પ્રવૃત્તિ કરનારમાં સાચી ધર્મભાવના હોય છે, તેથી તેનામાં વૈર-વિરોધ કે ઇર્ષ્યાને સ્થાન હોતું નથી.

૧૦૦ જેના હૃદયમાં સરળતા હોતી નથી તેનાથી સત્ય વેગળું જ રહે છે.

૧૦૧ ક્ષય તથા પ્રમેહ આદિ રોગવાળાને ઘી, દહીં, દૂધ આદિ પૌષ્ટિક પદાર્થો પણ નુકશાન કરે છે તેમ રાગ-દ્વેષ-ઇર્ષ્યા-મિથ્યાભિમાન આદિ ભાવ રોગવાળાને આત્મગુણપોષક ધાર્મિક પ્રવૃત્તિઓથી પણ નુકશાન થાય છે.

૧૦૨ સમ્યક્ત્વ-સાચી સમજણ સિવાય ધર્મની સાચી રુચિ થાય નહિ અને મુનિનું સાચું સુખ જાણી શકાય નહિ.

૧૦૩ કષાય વિષયનો અનાદર કર્યા સિવાય સાચો માર્ગ જડવાનો નથી.

૧૦૪ મોહનીયનું દબાણ હોય ત્યાં સુધી કર્મથી છૂટવાની ઈચ્છા થતી નથી.

૧૦૫ રોગી માણસને અન્નની રુચિ થાય નહિ, તેમ દર્શન મોહનું દબાણ હોય ત્યાંસુધી તાત્વિક વસ્તુનો ઉપદેશ અને છૂટવાની વાતો ગમે નહિં.

૧૦૬ અનાદિ કાળથી જીવ પૌદ્ગલિક સુખ ભોગવવાને ટેવાઇ ગયેલો હોવાથી તેને તાત્વિક સુખ ગમતું નથી.

૧૦૭ કષાયોને આધીન થઇને જડની સેવા કરનાર ભલેને ચક્રવર્તી જ કેમ ન હોય તો પણ તે તાત્વિક દૃષ્ટિથી સુખ ન જ કહી શકાય.

૧૦૮ પ્રતિકૂળ સંયોગોમાં રહેવા છતાં પણ કષાયની અસર ન થાય તો સમભાવ પ્રગટયો કહી શકાય.

## તારો કરવામાં આવ્યા.

નાણાં ( મારવાડ ) ગામમાં પૂજ્ય મુનિવર હીર મુનિજી મહારાજને અમાનુષીપણે માર મારનાર અને ત્યાંના જૈનબંધુઓ પર અત્યાચાર ગુજારનારાઓની તપાસ કરી તે માટે જૈનસમાજને યોગ્ય ન્યાય આપવા તેમજ ગુન્હેગારોને સખ્ત નસીયતે પહોંચાડવા આ સભા તરફથી રાજસ્થાનના વડા પ્રધાનને ( જયપુર ) એક તાર અને પૂજ્ય મુનિરાજશ્રી હીર મુનિશ્રીજીની સુખશાતા અને તબીયતના સમાચાર પુછાવવા માટે બીજો તાર એમ બે તાર તા. ૧-૧૦-૫૧ના રોજ આ સભા તરફથી કરવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સુભાષિત સંગ્રહ : લેખક–સુધાકર.

# ક્ષણિક અને અક્ષણિક શું છે ?

આ સંસારમાં દેખાતા પદાર્થો નાશવંત છે; ક્ષણિક છે. જ્યારે ધર્મરૂપી ધન શાશ્વત છે, ચિરંજીવ છે. જુઓ —

> ज्ञात्वा बुद्बुद्भंगुरं धनमिदं,
> दीपप्रकंपं वपु–
> स्तारुण्यं तरलेक्षणाक्षितरलं,
> विद्युच्चलं दोर्बलम् ।
> रे रे जीव ! गुरुप्रसादवशतः
> किंचिद्विधे हि द्रुतम्,
> दानध्यानतपोविधानविषयं,
> पुण्यं पवित्रोचितम् ॥

ભાવાર્થ–એક વાર એક મુમુક્ષુ જીવ જ્ઞાની, ધ્યાની, તપસ્વી ગુરુમહારાજ પાસે આવ્યો અને જિજ્ઞાસુવૃત્તિથી પૂછયું–હે ભગવાન ! મારે સુખી થવું છે, પણ એ સુખ શાશ્વત સ્થાયી અજર અમર હોય. એ સુખ સેળભેળવાળું નહિં, કદાપિ જાય નહિં અને ચિરકાલ મને મળે એવું થાય. કહો ગુરુદેવ કહો, એવું સુખ કઇ રીતે મળે ?

ગુરુદેવ ઉત્તર આપે છે—

હે જિજ્ઞાસુ જીવડા ! આ ધન–લક્ષ્મી તો પાણીના પરપોટા જેવી ક્ષણિક અસ્થિર ચપલ નાશવંત છે, શરીર ગમે તેવું તંદુરસ્ત–દૃઢ અને નિરોગી હોય છતાંયે આ શરીર દીવાની જ્યોતિની માફક ચપલ છે અર્થાત્ દીવાને જેમ પવનના જોરદાર એક જ ઝપાટામાં બુઝાઈ જતાં વાર નથી લાગતી તેમ આ સુંદર સ્વરૂપવાન શરીર રોગી બનતાં, પીડાતાં કે નાશ પામતાં એને વાર નથી લાગતી. અને આ જુવાની, ચાર દિનની ચાંદની જેવી આ જુવાની ચપળ નેત્રોવાળી સ્ત્રીના નેત્રો જેવી ચપળ છે; અસ્થિર છે. અને આ ભુજાબળ, મદોન્મત્ત ભુજાબળ, વાંકડી મૂંછો રાખી ફરનાર ભટોની મર્દાનગી; મૂંછના આંકડા ઉપર લીંબુ રાખનાર મોટા માંધાતાઓ કે ચમરબંધીઓનાં ભુજબળ પણ વિજળીના ચમકારાની જેમ ચંચળ છે, ચપળ છે, અસ્થિર છે.

ત્યારે હે ચેતન ! આત્મારામ ! સંસારમાં કોઈ સ્થિર હોય, શાશ્વત હોય તો એક ધર્મ છે માટે ગુરુદેવની કૃપાથી પ્રાપ્ત થયેલ આત્માને પવિત્ર કરનાર દાન, ધ્યાન, તપરૂપ પુણ્ય કર્મ ઉપાર્જન કરી, પુણ્ય કર્મરૂપ ધર્મનું આરાધન કરી લ્યે.

અર્થાત્ હે જીવ ! હે ચેતન ! લક્ષ્મી, તારી દોલત, શરીર, યુવાની અને ભુજબળ બધું ક્ષણિક, અસ્થિર, અનિત્ય અને નાશવંત છે. માત્ર ગુરુમહારાજની કૃપાથી પ્રાપ્ત થયેલો પવિત્ર ધર્મ–દાન–શીયલ–તપ અને ભાવરૂપ ધર્મ સદાયે શાશ્વત સુખ આપનાર છે. જીવની સાથે જ સદા રહેનાર છે; જીવના સાચા હિતસ્વી મિત્ર છે અને આખરે જીવને નિજ સ્વભાવનું દર્શન કરાવી સિદ્ધપદ–મુક્તિપદ અપાવનાર છે; માટે શાશ્વત સુખ આપનાર શાશ્વત જિનધર્મનું આરાધન કરો.

આ સંસારરૂપી કેદખાનામાં માયાની–મોહની બેડીથી બંધાયેલો આ આત્મા કઈ રીતે છૂટે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मिथ्यात्वानुचरैर्विचित्रगतिभिः**
**संचारितस्योद्‌भटै-**
**रत्युग्रभ्रममुद्‌गराहतिवशात्,**
**संमूर्च्छितस्यानिशम् ॥**
**संसारेऽत्र नियंत्रितस्य निगडै-**
**र्मायामयैश्चौरवत्,**
**मुक्तिः स्यान्मम सत्वरं कथमतः**
**सद्‌वृत्तवित्तं विना ॥ १ ॥**

ભાવાર્થ–આ સંસારની વિચિત્ર વિચિત્ર પરિસ્થિતિઓમાં સપડાયેલો, રીબાતો, પીડાતો, કૂટાતો પણ એક મુમુક્ષુ જીવ પોતાની દુઃખ કથા ગુરુદેવને કહે છે–હે ગુરુદેવ ! મને–આ ચેતનને મિથ્યાત્વ મહારાજાના વિવિધ અનુચરો–ક્રોધાદિ કષાયોએ જુદી જુદી ગતિઓમાં મોકલ્યો અને ત્યાં પણ સદસદ્‌વિવેક રહિત બનાવી એવો ભ્રમિત બનાવ્યો કે તેમના શંકા અને સંશયના મુદ્‌ગરના મારથી હું મૂર્છિત–બેભાન થઈ ગયો. વળી અધૂરામાં પૂરું કરવા માટે હોય તેમ સંસારરૂપી વિશાલ જેલખાનામાં માયા–મોહની ભયંકર બેડીઓ પહેરાવી, મારું ઘર, મારી સ્ત્રી, મારું કુટુમ્બ, મારું ધન, મારી જમીન, આ મારું, તે મારું, પેલું મારું, अहं અને મમની બેડીયોના ભયંકર બંધન નાંખ્યાં છે કે જેમાંથી કોઈ રીતે છૂટી શકાતું નથી–છૂટવું છે, છૂટવાની ઇચ્છા થઇ છે. હવે જેલથી–બેડીયોથી કંટાળ્યો છું માટે છૂટવાનો રસ્તો બતાવો.

ગુરુદેવ કહે છે–હે વત્સ ! તારે છૂટવું હોય તો ચારિત્ર–સદાચાર–સંયમ–શીલ–સંતોષરૂપ ધન એકઠું કર, તો જરૂર છૂટી શકીશ.

મુમુક્ષુ–હે ભગવાન્ ! શું કહું ? મારી પાસે ચારિત્રરૂપી ધન નથી, પરન્તુ આપના ઉપદેશથી સમજી શકયો કે જેની પાસે ચારિત્ર–સંયમ–સદાચાર–શીલ–સંતોષરૂપ ધન છે તે જરૂર સંસારરૂપી કેદખાનામાંથી છૂટી શકે છે. અને માયારૂપી બેડીયોનાં બંધન તોડી સદ્‌ગતિ યાવત્ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ શકે છે.

આ જીવને સંસારમાં દુઃખનું મૂળ શું છે ? તે કહે છે અને સાથે જ તે દુઃખ કેમ મટે તે પણ કહે છે.

**मूलं संसारदुःखस्य,**
**देह एवात्मधीस्ततः ।**
**त्यक्त्वैनां प्रविशेदन्त-**
**र्बहिर्व्यापृतेन्द्रियः ॥**

ભાવાર્થ—શિષ્ય ગુરુમહારાજને પૂછે છે–હે ભગવાન્ ! આ જીવને દુઃખનું કારણ શું છે ?

ઉત્તર—ગુરુમહારાજ શિષ્યને કહે છે–હે વત્સ ! જીવને આ સંસારમાં દુઃખનું મૂલ કારણ હોય તો આ જીવ દેહ ઉપર જે આત્મબુદ્ધિ રાખે છે તે જ છે. શરીર ઉપરની આત્મબુદ્ધિ છોડીને ઇન્દ્રિયોના વિષયોનો રોધ કરે અને અંતરંગવૃત્તિને જાણી આત્મસ્વભાવમાં રમણ કરે તો જ સાચું સુખ આ જીવ અનુભવી શકે છે. અર્થાત્ આ આત્મા સિવાયની દરેક વસ્તુ બાહ્ય છે, મારી નથી, હું તે નથી અને તે હું નથી. " नेति नेति नेति " હું પુદ્‌ગલ નથી, હું પુદ્‌ગલ નથી, હું પુદ્‌ગલ નથી આ ભાવના યથાર્થ રીતે જાગે અને સાથે જ પાંચે ઇંદ્રિયોના સ્થૂલ વિષયોનો ત્યાગી બને; ઇંદ્રિયોનો વિજેતા થાય, ઇંદ્રિયોનો દાસ નહિ; પરંતુ ઇન્દ્રિયોનો નાથ બને; આમાં મનનો પણ સમાવેશ થાય છે. " મન સાધ્યું તેણે સઘળું સાધ્યું " એ અહીં ખાસ બંધબેસતું થાય છે–ઇન્દ્રિયોના વિષયોને જીતે. હવે અહીં જ્યારે શરીરને પણ પર માન્યું છે ત્યારે માતા પિતા પુત્ર ધન સ્ત્રી કુટુંબ પરિવાર બધાંય પર છે; આત્માના સાચા સ્વજન નથી સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વજન તો આત્માના અપૂર્વ ગુણો અને સંસારના દરેક જીવો પ્રતિ મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થવૃત્તિ વગેરે છે. માટે જ અહીં કહ્યું છે-હે ચેતન! આ શરીર તારું નથી; ઇંદ્રિયોના વિષયોને જીત અને આત્મસ્વરૂપ-નિજાનંદ-સ્વરૂપમાં રમતો થા તો જ સાચી શાંતિ અને સાચું સુખ પ્રાપ્ત થશે. આત્મસ્વરૂપ સમજનારની સ્થિતિ કેવી થાય છે તે વાંચો—

" जायन्ते विरसा रसा विघटते,
गोष्ठीकथा कौतुकं ।
शीर्यन्ते विषयास्तथा विरमति,
प्रीतिः शरीरेऽपि च ॥
जोषं वागपि धारयंत्यविरता,
नंदात्मनः स्वात्मन-
श्चिंतायामपि यातुमिच्छति मनो,
दोषैः समं पंचताम् ॥ "

ભાવાર્થ—ગુરુમહારાજ સાચા આત્મદર્શી મુમુક્ષુનું સ્વરૂપ વર્ણવે છે. જે વખતે આ ચેતનને-આત્મારામને યથાર્થ આત્મસ્વરૂપ સમજાય છે ત્યારે ઇંદ્રિયોના રસો વિરસ-રસ વિનાના બની જાય છે-આત્મદર્શી મુમુક્ષુને ઇંદ્રિયજન્ય રસો ઉપરથી આસક્તિ ઊઠી જાય છે. ગોષ્ઠી કથા અને કૌતુક-કુતૂહલવૃત્તિ સાંસારિક વાતો; વિકથા સાંસારિક વિષયોવાળી રસપૂર્ણ કથાઓ અને તેનું કુતૂહલ બધું ટળી જાય છે. એ વિષયની વૃત્તિ જ ઊડી જાય છે, વિષયો-સાંસારિક ભોગોપભોગ વૃત્તિઓ નાશ પામે છે. શારીરિક અને ઇંદ્રિયજન્ય વિષયવાસના ચાલી જાય છે. એની વિષયાભિલાષાનો જ લોપ થાય છે.

એની શરીર ઉપરથી પ્રીતિ ઊઠી જાય છે. શરીર ઉપરનું મમત્વ ચાલ્યું જાય છે. આ મારું શરીર બગડે નહિં, ઘસાય નહિં, દુબળું ન થાય, એને આ સારું લાગે તે સારું લાગે, એ આનાથી શોભે અને તેનાથી શોભે વગેરે વૃત્તિ જ ઊઠી જાય છે. વાણી પણ મૌન ધારણ કરે છે અર્થાત્ વાચા પણ વ્યર્થ જેમ આવે તેમ બોલી નાંખવાને બદલે મૌન રહેવું જ પસંદ કરે છે. અને આ ઉત્તમ સ્થિતિમાં આત્મા સ્વભાવરૂપ શાંતરસમાં લીન બની જાય છે તથા મનના બધા દોષો અને ચિન્તાઓ પણ જતી રહે છે. અર્થાત્ મનશુદ્ધ અને આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન રહિત બની-સંકલ્પવિકલ્પોને ત્યજી દઈ આત્મા સ્વભાવદશામાં પરમ શાંતિ પરમ આનંદ પામે છે.

અર્થાત્ સાચા મુમુક્ષુ આત્મદર્શી જીવનું એ લક્ષણ થઈ જાય છે કે તે ઇન્દ્રિયોના રસોથી પર થઈ જાય છે, તેનામાંથી કુતૂહલ, ચપલતા, ચંચળતા, અસ્થિરતા ચાલી જાય છે, સાંસારિક રસવૃત્તિ; તેની કથા અને તે વાર્તાની ભાવના ચાલી જાય છે, સાંસારિક આસક્તિ ચાલી જાય છે, શરીર ઉપરથી મમત્વ ચાલ્યું જાય છે, વાણી મૌન થાય છે, મન શુદ્ધ શાંત અને સ્થિર બને છે તેમ જ બધી ચિંતાઓ-આધિ વ્યાધિ ઉપાધિ ટળી જાય છે અને આત્માનંદનો મંગલમય ધર્મ પામી નિજાનંદમાં મસ્ત બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लोगविरुद्धच्चाओ ।

( લેખક:—પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

ચૈત્યવંદન કરનારથી 'જય વીયરાય' સુત્ત યાને [1]પ્રાર્થના સૂત્ર અજાણ્યું નથી. આ સુત્તમાં મૂળે બે ગાથા છે. તેમાં બીજી ગાથાનો પ્રારંભ "લોગ-વિરુદ્ધચ્ચાઓ" થી થાય છે. આ શબ્દ-ગુચ્છ (phrase) એ લોગ, વિરુદ્ધ અને ચાય એમ ત્રણ પાઇય(પ્રાકૃત) શબ્દનો બનેલો સમાસ છે. આ ત્રણનો અર્થ અનુક્રમે લોક, વિપરીત અને ત્યાગ છે. સમાસનો અર્થ લોકથી વિપરીત(આચરણ)નો ત્યાગ છે. શ્રી હરિભદ્રસૂરિએ ચૈત્યવંદનનાં સૂત્રોને અંગે **લલિતવિસ્તરા** નામની માનનીય વૃત્તિ સંસ્કૃતમાં રચી છે. એમાં લગભગ અંતમાં **પ્રાર્થનાસૂત્ર** વિષે સ્પષ્ટીકરણ છે. એમાં પ્રસ્તુત શબ્દ-ગુચ્છને અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"**लोकविरुद्धत्यागः [2]लोकसंक्लेशकरणेन तदनर्थयोजनया [3]महदेतदपायस्थानम्**"

આનો અર્થ એ છે કે—લોકવિરુદ્ધનું કાર્ય લોકોમાં સંક્લેશ ઉત્પન્ન કરે છે, એમની સ્વાભાવિક સ્વસ્થતાને હાનિ પહોંચાડે છે અને એ દ્વારા એમને અનર્થ સાથે જોડે છે-એમને હાથે અનર્થ કરાવે છે. આને લઇને લોકવિરુદ્ધનું કાર્ય મહાસંકટનું મૂળ છે.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. પ્ર. ૩, શ્લો. ૧૨૪ ઉપરની આ વૃત્તિ(પત્ર ૨૩૩ આ)માં ઉપર્યુક્ત શબ્દ-ગુચ્છક વિષે સમજણ આપતાં આ સૂરિએ નીચે પ્રમાણે કહ્યું છે:—

"**लोकविरुद्धत्यागः सर्वजननिन्दादिलोकविरुद्धानुष्ठानवर्जनम्**"

અર્થાત્ 'લોક-વિરુદ્ધ-ત્યાગ' એટલે સર્વે જનોની નિન્દા ઇત્યાદિ લોકવિરુદ્ધનાં અનુષ્ઠાનોનો ત્યાગ.

આ અર્થના સમર્થનમાં આ સૂરિએ નીચે મુજબની ત્રણ ગાથાઓ રજૂ કરી છે:—

"**सव्वस्स चेव निंदा,**
**विसेसओ तह य गुणसमिद्धाणं ।**
**उजुधम्मकरणहसणं,**
**रीढा जणपूयणिज्जाणं ॥**
**बहुजन(ण)विरुद्धसंगो,**
**देसाचारस्स लंघणं चेवं(व) ।**
**उव्वणभोओ अ तहा,**
**दाणाइवियडमन्नेओ ॥**
**साहुवसणंमि तोसो,**
**सइ सामत्थंमि अपडियारो अ ।**
**एमाइयाइं इत्थं,**
**लोगविरुद्धाइं णेआइं ॥**"

આ ગાથાઓ હરિભદ્રસૂરિકૃત **પંચાસગ**ના બીજા પંચાસકની ગા. ૮–૧૦ છે. **પંચાસગ**માં એ છપાઇ છે, તેમાં મહત્ત્વનો એક પાઠભેદ છે. એ નીચે મુજબ છે:—

"**दाणाइ वि पगडमणणे तु**"

**પંચાસગ** ઉપર અભયદેવસૂરિની ટીકા છે. એ જોતાં તેમજ અર્થ વિચારતાં પાઠાંતર સુસંગત જણાય છે. વળી સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત **યોગશાસ્ત્ર**ની

---

૧ આ સંબંધમાં "જૈન સત્ય પ્રકાશ" (વ. ૩, અં. ૨–૩) માં "પ્રાર્થના સૂત્ર યાને જય વીયરાય' સૂત્ર નામનો મારો લેખ છપાયો છે.

૨ હરિભદ્રસૂરિએ "સંક્લેશ" શબ્દ **મહાદેવાષ્ટક** (શ્લો. ૧)માં વાપર્યો છે. એનો અર્થ ચારે બાજુથી વિબાધા યાને પીડા છે.

૩ અપાયના હાનિ, આપત્તિ અને મૃત્યુ એમ પણ બીજા અર્થ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવૃત્તિમાં **अन्नेओ** એ માટે **अन्यस्मात्** એવી સંસ્કૃત છાયા જે અપાઇ છે તે વિચારણીય જણાય છે. **अन्नेओ** ને બદલે " **अन्नेउ** " એ પાઠ પસંદ કરવા લાયક છે. **अन्नाओ** પાઠ હોય તો હજી ચાલે. પાઠભેદ વિષે આટલી ચર્ચા કરી, હવે ઉપર્યુક્ત ગાથાઓનું અભયદેવસૂરિકૃત ટીકાનો આધાર લઇ હું સ્પષ્ટીકરણ કરું છું:—

(૧) કોઇક જ વ્યક્તિની નહિ, પરંતુ સર્વે લોકોની નિન્દા એ લોકવિરુદ્ધ કાર્ય છે. આનું કારણ એ છે કે–જે લોકની નિંદા કરાય તે લોકનિંદા કરનારની વિરુદ્ધ થઇ જાય છે. આમ આ નિંદા લોકવિરુદ્ધ કાર્ય છે.

(૨) જ્ઞાનાદિ ગુણોવડે સમૃદ્ધ આચાર્યો વગેરેની નિંદા કરાય એ તો વિશેષે કરીને લોકવિરુદ્ધ કાર્ય છે, કારણ કે ગુણી જનોના ઘણા લોક પક્ષપાતી યાને રાગી હોય છે. એટલે એમની નિંદા ખાસ કરીને લોકવિરુદ્ધ કાર્ય છે.

(૩) સરળ જનોની–અવ્યુત્પન્ન બુદ્ધિવાળાની ધર્મકરણીની મશ્કરી યાને એમના પોતાની બુદ્ધિ મુજબના કુશળ અનુષ્ઠાનની હાંસી–ધૂર્તોએ ખરેખર આ લોકોને ભમાવ્યા છે–બનાવ્યા છે. એ પ્રકારની હાસી એ લોકવિરુદ્ધ કાર્ય છે, કેમકે ઘણાખરા લોકોની બુદ્ધિ અવ્યુત્પન્ન હોય છે એટલે એમના ધર્માચરણના મશ્કરી થતાં તેઓ વિરોધી બની જાય છે.

( ૪ ) જનોને પૂજ્ય એવા રાજા, પ્રધાન, શ્રેષ્ઠી કે એના ગુરુ વગેરેની હીલના ( હેલના ) યાને તિરસ્કાર એ લોકવિરુદ્ધનું કાર્ય છે.

( ૫ ) ઘણા લોકો ઉપર અપકાર કરનાર તેમ કરવાથી એ બધાને વિરોધી બનાવે છે. એવાનો સંપર્ક એ લોકવિરુદ્ધ કાર્ય છે.

( ૬ ) દેશાચાર વગેરેનો અર્થાત્ દેશ, ગામ, કુળ વગેરેનો જે રૂડો આચાર હોય તેનું ઉલ્લંઘન કરવું એ લોકવિરુદ્ધ કાર્ય છે.

( ૭ ) ઉત્કટ ભોગ એટલે કે દુરાચારી–મશ્કી જનોએ પસંદ કરેલ વસ્ત્ર, પુષ્પ ઇત્યાદિવડે શરીરનો સત્કાર એ લોકવિરુદ્ધ કાર્ય છે, કેમકે એ દેશ, કાળ, વૈભવ અને વયની અવસ્થાની અનુચિતતા સૂચવે છે–દેશાદિને એ છાજે નહિ એમ એ સૂચવે છે.

( ૮ ) પોતે ગંભીર નહિ હોવાને લઇને દાન, તપ વગેરેની જાહેરાત કરે, લોકોમાં એનું નિવેદન કરે એ લોકવિરુદ્ધ કાર્ય છે, કેમકે એવા દેખાવવાળા દાન દેનાર ને તપ કરનારની લોકો હાંસી કરે છે.

( ૯ ) દુષ્ટ રાજા વગેરેને હાથે શિષ્ટ જનોની સતામણી થતાં–સાધુજનોને આપત્તિમાં સપડાયેલા જોઇને રાજી થવું એ લોકવિરુદ્ધ કાર્ય છે, કેમકે એથી સાધુઓ અને એના રાગીજનો વિરોધી બને છે.

( ૧૦ ) સજ્જનને કષ્ટ આવી પહોંચતાં તેનું રક્ષણ કરવાની શક્તિ હોવા છતાં પ્રતીકાર ન કરાય એ લોકવિરુદ્ધનું કાર્ય છે.

આ ઉપરાંત ચાડીચૂગલી ઇત્યાદિ પણ લોકવિરુદ્ધનાં કાર્યો છે.

જૈન શાસ્ત્રો જ લોકવિરુદ્ધનાં કાર્યોનો [1]ત્યાગ કરવાનો ભલામણ કરે છે એમ નહિ પરંતુ શંકરાચાર્ય જેવા વેદાંતીએ પણ એવો જ ઉપદેશ આપ્યો છે એમ એમને નામે સુપ્રસિદ્ધ બનેલી નિમ્નલિખિત પંક્તિ જોતાં જણાય છે:—

" **यद्यपि शुद्धं लोकविरुद्धं नाचरणीयं नाचरणीयम्** "

અર્થાત્ કાર્ય જો કે શુદ્ધ હોય પરંતુ જો એ લોકવિરુદ્ધ હોય તો એનું આચરણ ન કરવું–ન કરવું.

૧ " આ પણ એક ત્યાગ છે " એ નામનો મારો લેખ અહીંથી (સુરતથી) પ્રસિદ્ધ થનાર " જૈન મિત્ર " ના વિશેષાંકરૂપ " ત્યાગ " નામના અંકમાં છપાવાનો છે, એમાં મેં આ ત્યાગના આ પ્રકાર ઉપરાંતના બીજા અનેક પ્રકારો વિચાર્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "વિકારોથી મુક્તિ એ જ મુક્તિ."

( રાગ—કસૂરી તાલ ૩ )

હરિ નામ સુમર સુખધામ.
જગતમેં જીવન દો દિનકા,..........ટેક.

પાપ કપટ કર માયા જોડી ગર્વ કરે ધનકા
સભી છોડ કર ચલા મુસાફિર વાસ હુયા બનકા...૧

સુંદર કાયા દેખ લુભાયા લાડ કરે તનકા
છૂટા શ્વાસ બિખર ગઇ દેહી જ્યોં માલા મનકા...૨

જોબન નારી લાગે પિયારી મૌજ કરે મનકા
કાલ બલીકા લગે તમાચા ભૂલ જાય ઠનકા...૩

યહ સંસાર સ્વપનકી માયા મેલા પલ છિનકા
**બ્રહ્માનંદ** ભજન કર બંદે નાથ નિરંજનકા...૪

જેના હ્રુદયને વિકારો સ્પર્શતા નથી, એ જ જીવનમુક્ત છે, તે જીવનમાં બધાં કાર્યો કરતો હોવા છતાં અલિપ્ત છે, તેને માટે સુખ નથી, દુઃખ નથી, સર્વત્ર સર્વ કાળ આનંદ જ છે.

મુક્તિ કલ્પના નથી પણ પ્રત્યેક ક્ષણે તેનો અનુભવ થઇ શકે છે. મને કોઈ મુક્ત કરવાને શક્તિમાન નથી, કારણ કે "હું" ને બાંધનાર હું જ છું.

જે શાંતિ તમો ઝંખો છો, તે તમારી અંદર જ છે. કામથી આસક્ત થઇ, ક્રોધથી વિહ્વળ બની, તમે ક્ષણિક સુખની આશામાં પારાવાર શાંતિનો નાશ કરો છો.

શાંતિ વસ્તુના ઉપભોગમાં હોત તો તે તમોને મળી હોત, પણ તે તેમાં નથી, ચિત્તની નિર્વિકાર અવસ્થામાં છે.

હું પ્રકાશને ઢુંઢું છું, કારણ કે અંધકારમાં છું.
હું થાકું છું, કારણ કે મારા બળનો મને ગર્વ છે.
હું નીચે પડું છું, કારણ કે મોહથી સુશોભિત બનેલો પગથાર લપસણો છે.
હું વાસનામાં રાચું છું, કારણ કે મને સાચા સુખની ઝાંખ નથી.
હું પરિગ્રહી છું, કારણ કે મને પ્રભુમાં વિશ્વાસ નથી.
હું ચાહું છું, તેય હું છું.
હું ધિક્કારું છું, તેય હું છું.
હું મારી નાની મૂડી ઉપર ગર્વ લઉં છું, કારણ કે મને મારી અનંતતાનું ભાન નથી.

સંગ્રહિત.
**કુ. કમળા સુતરિયા. એમ. એ.–બી. ટી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# નવમ શ્રી સૂરપ્રભ જિન સ્તવન.

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાકટર વલભદાસ નેણુસીભાઇ-મોરબી. )

સૂર જગદીશની તીક્ષ્ણ અતિશૂરતા,
તેણે ચિરકાલનો મોહ જીત્યો;
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પરગાસ કરી,
નીપજ્યો પરમપદ જગ વદીતો. સૂર (૧)

**સ્પષ્ટાર્થ:**-અનાદિ કાલથી લાગેલો મોહરૂપ મહાન્ શત્રુ કે જે દર્શન-મોહનીય પ્રકૃતિવડે આત્માના સમ્યગ્ દર્શન ગુણનો, તથા ક્રોધવડે આત્માના ક્ષમા ગુણનો, માનવડે આત્માના માર્દવ ગુણનો, માયાવડે આત્માના આર્જવ ગુણનો તથા લોભવડે આત્માના-નિર્લોભ-નિ:સ્પૃહ ગુણનો, એમ અનેક ગુણોનો ઘાત કરી આત્માની શુદ્ધ સહજ અપરિમિત આત્મીય સમાધિનો નાશ કરી ભવરૂપ જેલખાનામાં ત્રિલોકપૂજ્ય આત્માને કેદ કરી રાખે છે. તેનો (મોહનો) જગતત્રયના ઇશ્વર, જગતશિરોમણી શ્રી સૂર પ્રભુએ અત્યંત તીક્ષ્ણ સમ્યક્પરાક્રમથી સમ્યગ્જ્ઞાન, ચારિત્રરૂપ અત્યંત તીક્ષ્ણ મર્મછેદક શસ્ત્રોવડે છિન્નભિન્ન કરી અલ્પ કાળમાં પરાજય-સમૂલ નાશ કર્યો કે ભવિષ્યમાં કોઇ પણ કાળે એવું દુષ્ટ કૃત્ય કરવાને પુન: સમુત્થિત-સજીવન થાય નહિ. અને જીવાદિ પંચાસ્તિકાયની શુદ્ધ સ્યાદ્વાદપણે તથા લક્ષ્ય-લક્ષણ અભેદપણે શુદ્ધ નિશ્ચય નયે, નિજ પર સત્તા જાણી સત્તાગતે રહેલા અનંતધર્માત્મક શુદ્ધાત્મ દ્રવ્યને કર્મ મલથી રહિત અત્યંત શુદ્ધ પ્રગટ કરી, જગતત્રયમાં પૂજ્ય, પ્રશંસનીય, આહ્લાદકારી આદરણીય, પરમાત્મ( મોક્ષ )પદ નીપજાવ્યું-સંપ્રાપ્ત કર્યું.

પ્રથમ મિથ્યાત્વ હણી શુદ્ધ દંસણ નિપુણ,
પ્રગટ કરી જેણે અવિરતિ પણાશી;
શુદ્ધચારિત્રગત વીર્ય એકત્વથી,
પરિણતિ કલુષતા સવિ વિણાસી. સૂર-(૨)

**સ્પષ્ટાર્થ**-હવે શ્રી સૂર સ્વામીએ પરમ પૂજ્ય પરમાત્મપદ જે રીતે સિદ્ધ કર્યું તે સાધના ક્રમ સહિત વખાણે છે.

પ્રથમ તો, જેના ઉદયવડે આત્મા શુદ્ધ દેવને અદેવ, અદેવને શુદ્ધ દેવ, સુગુરુને કુગુરુ, કુગુરુને સુગુરુ, ધર્મને અધર્મ, અધર્મને ધર્મ, જીવને અજીવ, અજીવને જીવ, મોક્ષને અમોક્ષ, અમોક્ષને મોક્ષ, માને છે, જીવાદિ તત્ત્વમાં વિપરીત શ્રદ્ધાન કરે છે તથા ઉત્કૃષ્ટ સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિનો બંધ કરે છે તેવી મિથ્યાત્વ મોહની પ્રકૃતિ તથા મિશ્ર મોહનીય, તથા સમ્યકૃત્વમોહનીયનો નાશ કરી. ચિંતામણી રત્ન સમાન અત્યંત દુર્લભ શુદ્ધ નિર્મલ સમ્યગ્દર્શન સંપ્રાપ્ત કર્યું, કે જે ઇંદ્રત્વ, ચક્રિત્વ, ચિંતામણી તથા કલ્પવૃક્ષથી પણ અધિક દુષ્પ્રાપ્ય છે, તથા જે વિના નવ પૂર્વ સુધીનું જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે તથા જે વિના દશમા પૂર્વનું જ્ઞાન તો થતું જ નથી; વળી જે વિના સંસારપરિભ્રમણની સીમા આવતી નથી, જે વિના સમ્યક્ચારિત્ર-સંયમની પ્રાપ્તિ થઇ શકતી નથી, જે વિના દ્રવ્યચારિત્ર પાળનાર પ્રથમ ગુણસ્થાને વર્તે છે માટે શ્રી જિનેશ્વર, સર્વ ધર્મનું મૂલ, તથા મોક્ષનું પ્રથમ પગથિયું કહે છે. લોકાલોકપ્રકાશક શ્રી જિનેશ્વરદેવ, પોતાના શિષ્ય પ્રત્યે સર્વે ધર્મનું મૂલ સમ્યગ્દર્શનને બતાવે છે, માટે દર્શનહીન પુરુષને વંદના કરવી નહિ. સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ પુરુષ બહુ પ્રકારના શાસ્ત્ર જાણતા છતાં પણ શુદ્ધ આરાધના રહિત હોવાથી સંસારચક્રવાલમાં જ્યાં ત્યાં ભ્રમણ કર્યા કરે છે કારણ કે સ૦ દર્શન વિના શુદ્ધ આરાધનાની પ્રાપ્તિ હોય નહિ-" શુદ્ધ ક્રિયા તો સંપજે, પુગ્ગલ આવર્તને અદ્ધરે "-જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખૂબ વિનષ્ટ વૃક્ષ શાખા, પરિશાખાની પરિવૃદ્ધિ પામે નહિ. તેમ ધર્મનું મૂલ સ૦ દર્શન નષ્ટ થતાં મોક્ષપ્રાપ્તિ થાય નહિ.

ગુણુરત્નાકરમાં સારભૂત જે સ૦ દર્શન તે શ્રી જિનપ્રરૂપિત ધર્મની શ્રદ્ધા રાખનારને હોય છે અર્થાત્ નય–નિક્ષેપ પક્ષ પ્રમાણ યુક્ત જિનપ્રરૂપિત તત્ત્વની યથાર્થ શ્રદ્ધા તે સ૦દર્શન છે જે મોક્ષનું પ્રથમ સોપાન (પગથિયું) છે.

જ્ઞાન ગુણ વગરની ક્રિયા સંસાર વધારનારી કહી છે, કારણ કે સ. જ્ઞાન વગર સંવર થાય નહિ, અને સંવર વિના સર્વ સમયે કર્મબંધ થાય, અને કર્મબંધથી સંસાર વૃદ્ધિ થાય તે સ્પષ્ટ છે. તથા સ. દર્શનરહિતને વ્રત પાલતા છતાં પણ તત્વાર્થ સૂત્રમાં અવ્રતી કહે છે. " નિશલ્યો વ્રતી " મિથ્યાત્વ શલ્ય, માયા શલ્ય, નિદાન શલ્ય, રહિત વ્રતધારી હોય તે વ્રતી છે. કહ્યું છે કે–

ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ભાવો મન કરી પરવડું;
જો સમકિત રે તાજું સાજું મૂલ રે,
તો વ્રત તરુ રે દીયે શિવપદ અનુકૂળ રે,
ત્રુટક અનુકૂળ મૂલ રસાલ સમકિત,
તેહ વિણ મતિ અંધ રે,
જે કરે કિરિયા ગર્વ ભરિયા,
તેહ જૂઠો ધંધ રે.
શ્રીમાન્ યશોવિજયજી

માટે જો સમકિત મૂલ તાજું હોય, તો વ્રતતરૂ શિવફલ આપી શકે, માટે મોક્ષ ફલના ઇચ્છક પુરુષે સર્વથી પહેલાં સમકિત રત્ન પ્રાપ્ત કરવાનો ઉદ્યમ કરવો એ સાર છે, માટે સમકિત શી વસ્તુ છે તે જાણવું જોઇએ.

જીવાજીવાદિક નવ તત્ત્વનું સ્વરૂપ શ્રી જિનેશ્વરના આગમ પ્રમાણે નય–નિક્ષેપ–પક્ષ પ્રમાણે યથાર્થ જાણી સદ્દહવું તથા હેય તત્ત્વને છાંડવાની રુચિ તથા ઉપાદેય તત્ત્વને આદરવાની રૂચિ તે સમકિત જાણવું–તેવી જ રીતે તત્ત્વાર્થ સૂત્રમાં પણ કહ્યું છે કે "તત્ત્વાર્થશ્રદ્ધાનં–સમ્યગ્દર્શનમ્—" જીવાજીવાસ્રવબંધસંવરનિર્જરામોક્ષસ્તત્વમ્ " તેમાં જીવ તત્ત્વ, સંવર તત્ત્વ, નિર્જરા તત્ત્વ અને મોક્ષ તત્ત્વ એ ચાર તત્ત્વ ઉપાદેય છે તથા અજીવ, આસ્રવ, બંધ, એ ત્રણ તત્ત્વ આત્મગુણના રોધક હોવાથી હેય છે માટે ઉપાદેયની આદરવાની રુચિ તથા હેય તત્ત્વને છોડવાની રુચિ હોય તેને જ સમકિત જાણવું. પણ માત્ર જિહ્વાગ્રે બોલવાથી સમકિત નથી, કારણ કે શ્રી જિનેશ્વર સમકિતનાં પાંચ લક્ષણ વિના લક્ષ્યનો અસદ્ભાવ હોય એ ન્યાય છે. માટે ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયતા એ પાંચ લક્ષણો જે જીવમાં ન હોય તે જીવને સમકિત છે એ કેમ મનાય ?

ઉપશમ–ક્રોધાદિ કષાયોને ઉપશાંત કરે.

સંવેગ–સહજ નિરુપાધિક પરમાત્મ પદ પ્રગટ કરવાની રુચિ.

નિર્વેદ–સંસારને તથા પૌદ્ગલિક વિષયોને હલાહલ વિષ સમાન જાણી તેથી નિવૃત થવાની રુચિ.

અનુકંપા–સ્વપર જીવના દ્રવ્ય ભાવ પ્રાણ ઘાત કરવાનો પરિણામ નહિ.

આસ્તિકયતા–અનંતજ્ઞાની અને વીતરાગી આપ્ત શ્રી જિનેશ્વરનું એક પણ વચન અન્યથા ન હોય એવી શ્રદ્ધા.

એમ સ. જ્ઞાન તથા સ. ચારિત્રનું મૂલ–કારણ સ. દર્શન છે એમ જાણી શ્રી સૂર પ્રભુજીએ દર્શન મોહનીય પ્રકૃતિનો નાશ કરી અત્યંત શુદ્ધ નિપુણ ક્ષાયિક સમકિત પ્રગટ કરી "અવિરતિપણાથી" પાંચ ઇંદ્રિયો તથા મનનો નિગ્રહ નહિ, તથા ષટ્કાય જીવના દ્રવ્ય–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવ–પ્રાણની હિંસાનો ત્યાગ નહિ. એવં બાર પ્રકારની અવિરતિ તેનો નાશ કર્યો. ઇંદ્રિયોના ત્રેવીશ વિષયોમાં તથા મનના શુભાશુભ સંકલ્પોમાં આત્મપરિણામને વિક્ષિપ્ત કરવાથી તથા સ્વપર જીવના દ્રવ્ય ભાવ પ્રાણની હિંસાથી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે અને કર્મબંધવડે સહજ આત્મસમાધિનો ઘાત થઇ અત્યંત દુઃખદાયક આ સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરવું પડે છે, એમ ક્ષાયિક સમકિતવડે જેણે શ્રદ્ધાપૂર્વક જાણ્યું, તેનો પરિણામ અવિરતિમાં કેમ પ્રવેશ કરે ? એમ અવિરતિનો નાશ થવાથી પરભાવ રાગ–દ્વેષવિભાવાદિકનો ત્યાગ તથા જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ સ્વગુણમાં રમણરૂપ શુદ્ધ ચારિત્રથી પોતાના આત્મવીર્યની એકતા કરી અર્થાત સકલ આત્મવીર્યને સ્વભાવાચરણમાં જ વર્તાવી "પરિણતિ કલુષતા સવિ વિણાશી" આત્મ પરિણામમાં કષાયનો પ્રવેશ થવા દીધો નહિ, તેમ કલુષતા પરિણતિનો નાશ કર્યો. (૨)

વારિ પરભાવની કર્તૃતા મૂલથી,
આત્મપરિણામ કર્તૃત્વ ધારી;
શ્રેણી આરોહતાં વેદ હાસ્યાદિની,
સંગમી ચેતના પ્રભુ નિવારી. સૂર. (૩)

**સ્પષ્ટાર્થ:**–આત્મસ્વરૂપના અજ્ઞાનવડે જીવ પરભાવનો કર્તા બને છે, અર્થાત્ અમુક પદાર્થને મેં સુવર્ણ કર્યો, અમુકને મેં કુવર્ણ કર્યો, અમુકને મેં મનોજ્ઞ રસવાળો કર્યો, અમુકને મેં અમનોજ્ઞ રસવાળો કર્યો, અમુકને મેં સુગંધી કર્યો, અમુકને મેં દુર્ગંધી કર્યો, અમુકને મેં મનોજ્ઞ સ્વરવાળો કર્યો, તથા અમુકને મેં અમનોજ્ઞ સ્વરવાળો કર્યો. તથા મેં સુંદર, અસુંદર શબ્દાદિક કર્યો, પણ રૂપ–રસ–ગંધ–સ્પર્શાદિ જે પુદ્ગલ દ્રવ્યનો પરિણામ તેને આત્મા કદાપિ કાળે, કરી શકે નહિ, છતાં પરદ્રવ્યના પરિણામને અજ્ઞાનવડે પોતાની ક્રિયા માની લે છે. તથા અમુક જીવને મેં સુખી કર્યો, અમુકને મેં દુઃખી કર્યો, એમ પરજીવના કર્મફલને પોતાની ક્રિયા માની લે છે. મન–વચન–કાયાના યોગની ક્રિયાનું મમત્વ કરી, તે ક્રિયાનો કર્તા પોતાને માને છે તથા પરજીવે મને સુખી વા દુઃખી કર્યો એમ પોતાના કર્મફલને પરજીવની ક્રિયા માની લે છે એવા મિથ્યાભિમાનવડે જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ કરે છે. પણ શ્રી સૂરપ્રભસ્વામીએ સમ્યગ્જ્ઞાનવડે એવા મિથ્યાભિમાનનો નાશ કરી પોતાની સહજ આત્મીય જ્ઞાનાદિ ક્રિયામાં પોતાનું કર્તાપણું આદર્યું. કહ્યું છે કે—

" आत्मा ज्ञानं स्वयं ज्ञानं,
ज्ञानादन्यत् करोति किम् ?
परभावस्य कर्त्ता आत्मा,
मोहोऽयं व्यवहारिणाम् "

માટે વસ્તુતઃ પરદ્રવ્યનો કોઇ પણ કર્તા થઇ શકે નહિ એ ન્યાય છે. જે પરિણમે તે કર્તા છે. અને પરિણામે તેનું કર્મ છે. અને પરિણતિ તે તેની ક્રિયા છે એમ એ ત્રણે ભાવ વસ્તુત: અભેદ છે. તથાપિ આ જગતમાં મોહી અજ્ઞાની જીવો જાણે છે કે "હું પરદ્રવ્યને કરું છું." એવો પરદ્રવ્યના કર્તૃત્વનો અહંકારરૂપ અતિશય દુર્વાર અજ્ઞાન અંધકાર અનાદિકાલથી ચાલ્યો આવે છે પણ જો તેનો શુદ્ધ નિશ્ચય જ્ઞાનવડે એક વાર પણ સમૂલ નાશ કરી નાંખે તો શુદ્ધ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય અને પછીથી કદાપિ એવા અજ્ઞાન અંધકારને ન કરે; કર્મબંધ કરે નહિ. તથા "શ્રેણી આરોહતાં" ક્ષપકશ્રેણીએ ચઢતાં હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા એ હાસ્યાદિષટક્ તથા સ્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, તેમ નવ નોકષાયમાંથી પોતાની આત્મપરિણતિને ધારી અકષાય ભાવમાં–શુદ્ધ સ્વરૂપમાં તલ્લીન કરી(૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદ જ્ઞાને યથાવસ્તુતા ઓલખી,
દ્રવ્ય પર્યાયમેં થઇ અભેદી
ભાવ સવિકલ્પતા છેદિ કેવલ સકલ,
જ્ઞાન અનંતતા સ્વામી વેદી. સૂર (૪)

**સ્પષ્ટાર્થ:**—"દ્રવ્યના સર્વે ધર્મો તેના પરમગુણના અનુયાયીપણે જ વર્તે" એ ન્યાયાનુસારે આત્માનો પરમગુણ જે ચેતનતા તદનુયાયીપણે વર્તતા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાદિ પરિણામોને પોતાના પરિણામ જાણ્યા, સદ્દહ્યા અને તેથી વિપરીત, ચેતનતાને અનુયાયીપણે નહિ વર્તતા રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ તથા ચલનસહાયાદિક પરિણામોને પરદ્રવ્યના પરિણામ જાણ્યા, સદ્દહ્યા. એમ ભેદવિજ્ઞાનના પ્રબલ પરાક્રમવડે પોતાના ગુણપર્યાય તથા પરદ્રવ્યના ગુણપર્યાયને યથાર્થ ભિન્ન ભિન્ન જાણી પરદ્રવ્યના ગુણપર્યાયમાંથી અહં મમત્વ ઉઠાવી રાગદ્વેષાદિ વિભાગ પરિણામને દુઃખદાયક તથા કર્મબંધના હેતુ જાણી પોતાની આત્મભૂમિમાંથી તેનો તદ્દન અભાવ કરી પોતાના ગુણપર્યાયને પોતાથી અભેદ સ્વરૂપ જાણી, તેમાં જ અભેદપણે તલ્લીન થયા. સંકલ્પવિકલ્પરૂપ સમલ પરિણામને તજી નિર્વિકલ્પ અચલ પરિણામરૂપ યથાખ્યાત ચારિત્ર બારમું ગુણસ્થાન પામી અંતર્મુહૂર્તનાં ઘાતી કર્મનો નાશ કરી **શ્રી સૂરસ્વામી** અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યના ભોક્તા થયા.

વીર્ય ક્ષાયિક બલે ચપલતા યોગની,
રોધિ ચેતન કર્યો શુચિ અલેશી;
ભાવ શૈલેશીમેં પરમ અક્રિય થઇ,
ક્ષય કરી ચાર તનુ કર્મ શેષી. સૂર ૫

**સ્પષ્ટાર્થ:**—એમ શ્રી સૂરસ્વામી અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરી તેરમા ગુણસ્થાને તીર્થંકર નામકર્મના ઉદયે ભવ્ય જીવોને આ દુઃખદાયક ભવસમુદ્રમાંથી તારનાર સ્યાદ્વાદ નયયુક્ત જીવાજીવાદિ તત્ત્વનો ઉપદેશ આપી, પછી પ્રાપ્ત કરેલા ક્ષાયિકવીર્યના બલવડે, કારણ વીર્યવડે થતી ચપલતા દૂર કરી મેરુપર્વતની પેઠે નિઃપ્રકંપ શૈલેશીકરણ કરી, મન, વચન અને કાયાની ક્રિયાનો ત્યાગ કરી પોતાના આત્મદ્રવ્યને પવિત્ર-પુદ્ગલ પરિણામના સંશ્લેષ રહિત-અલેશ કરી, પરમ અક્રિય અવસ્થા ધારણ કરી, બાકી રહેલા વેદનીય-નામ-ગોત્ર અને આયુ એ ચાર અઘાતીયા કર્મનો સર્વથા નાશ કરી પૂર્વ પ્રયોગના હેતુનો અસંગ હોવાથી કર્મબંધનો સર્વથા નાશ હોવાથી તથા ગતિપરિણામવડે તુંબીના દ્રષ્ટાંતે આઠમી ઇશિપ્રાગ્ભારા પૃથ્વી અર્થાત સિદ્ધ અવસ્થામાં બિરાજમાન થયા.

વર્ણ, ગંધ, રસ વિનુ, ફરસસંસ્થાન વિનુ,
યોગતનુ સંગવિનુ જિન અરૂપી,
પરમ આનંદ અત્યંત સુખ અનુભવી,
તત્ત્વ તન્મય સદા ચિત્સ્વરૂપી. (૬)

**સ્પષ્ટાર્થ:**-શ્રી સૂરસ્વામી સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયા તે સિદ્ધ સ્વરૂપ કેવું છે? પાંચ પ્રકારના વર્ણ, બે પ્રકારના ગંધ, પાંચ પ્રકારના રસ, આઠ પ્રકારના સ્પર્શ, છ પ્રકારના સંસ્થાન, ત્રણ પ્રકારના યોગ, પાંચ પ્રકારના શરીર તથા અંતરંગ અને બાહ્ય એ બે પ્રકારના પરિગ્રહથી રહિત તથા રાગ દ્વેષાદિ વિભાવથી પણ રહિત હોવાથી સર્વે નયો અરૂપી અવસ્થાને સંપ્રાપ્ત છે કારણ કે જીવનનું શુદ્ધ સ્વરૂપ વર્ણાદિ તથા રાગાદિ ભાવથી રહિત છે, પણ સંસાર અવસ્થામાં જીવ કર્મબંધ યુક્ત હોવાથી શરીરાદિમાં અહં મમત્વ કરી વસે તેથી વ્યવહાર નયે રૂપી કહેવાય છે. જેમ જે ઘડામાં ઘી ભરેલું હોય, તે ઘીનો ઘડો કહેવાય-પણ વાસ્તવિક રીતે જેમ જે ઘડામાં ઘી ભરેલું હોય તે ઘીનો નથી પણ માટીનો જ છે. પર્યાપ્ત-અપર્યાપ્ત, સૂક્ષ્મ, બાદર, એકેંદ્રિય-એ ઇંદ્રિય વિગેરે શરીરને જે જીવસંજ્ઞા કહી છે તે વ્યવહાર નયની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપેક્ષા જાણવી. કારણ કે ચૌદે જીવસ્થાન તે પુદ્ગલ સંગે છે. જીવનો મૂલ સ્વભાવ નથી, પણ શ્રી સૂરસ્વામી તો કર્મબંધથી-સંસાર અવસ્થાથી સર્વ મુક્ત હોવાથી વ્યવહાર તથા નિશ્ચય બંને નયે અરૂપી અવસ્થા ભોગવે છે તથા "પરમ આનંદ અત્યંત સુખ અનુભવી તત્ત્વ તન્મય સદા ચિત્સ્વરૂપી" પરમ આનંદ-સર્વોત્કૃષ્ટ આનંદ જેનું આ ત્રિલોકમાં કોઇ ઉપમાન નથી, એવા પરમાનંદને તથા જે સુખનો કોઇ કાલે અંત નથી એવા સહજ, અકૃત્રિમ, અનુપચરિત સુખને સંપ્રાપ્ત-તે સુખને સદા નિષ્કંટકપણે અનુભવે છે-તેમાં જ નિમગ્ન છે, તથા પોતાના શુદ્ધાત્મ તત્ત્વથી તન્મય તથા ચિત્સ્વરૂપી અર્થાત્ અખંડ અનંત જ્ઞાન સ્વરૂપમાં સદા સાદિ અનંત ભાંગે અવસ્થિત થયા છે-(૬)

તાહરી શૂરતા ધીરતા તીક્ષ્ણતા,
દેખી સેવકતણો ચિત રાચ્યો;
રાગ સુપ્રશસ્તથી ગુણી આશ્ચર્યતા,
ગુણી અદ્ભૂતપણે જીવ માચ્યો. સૂર (૭)

**સ્પષ્ટાર્થ**-ઉપસર્ગ, પરિસહાદિ તથા અનેક પ્રકારના શુભાશુભ કર્મ ઉદય આવતાં છતાં પણ અત્યંત ધૈર્ય આદરી આત્મસત્તાભૂમિમાં નિર્ભય નિષ્કંપપણે અડોલ રહી અતિશય શૌર્યપૂર્વક જ્ઞાન-બાણના પ્રહારવડે તથા અપરિમિત આત્મવીર્યની તીક્ષ્ણતાવડે મોહાદિ કર્મ શત્રુઓને નિર્વંશ કર્યા તે નામની શૂરતા, ધીરતા અને તીક્ષ્ણતા જોઇ હું સેવકનું ચિત્ત તેમાં રાચ્યું-રત થયું.

તથા આપના સર્વોપરી કલ્યાણકારી અદ્ભૂત જ્ઞાનાદિ આત્મગુણો જોઇ અત્યંત આશ્ચર્યતા પામી. સુપ્રશસ્ત રાગવડે આપના ગુણમાં મારો આત્મા માચ્યો, કારણ કે આ લોક પરલોકના વિષય સુખની આકાંક્ષા રહિત અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ તથા આગમમાં સાધર્મિક ઉપર પક્ષપાત વિના ગુણીપણા માટે જે રાગ તે પ્રશસ્ત રાગ જાણવો, તે જો કે પુણ્ય બંધનો હેતુ છે તથાપિ છતા આત્મગુણને સ્થિર થવાનો તથા નવા ગુણ પ્રગટ કરવાનો હેતુ છે-

આત્મગુણ રૂચી થયે તત્ત્વ સાધન રસી,
તત્ત્વ નિષ્પત્તિ નિર્વાણ થાવે;
**દેવચંદ્ર** શુદ્ધ પરમાત્મ સેવનથકી,
પરમ આત્મિક આનંદ પાવે. સૂર. (૮)

**સ્પષ્ટાર્થ**-જ્ઞાનાદિ અનંત આત્મગુણોને શુદ્ધ સંપૂર્ણ પણે પ્રગટ કરવાની રુચિ થાય તો જ તે પુરુષ તત્ત્વ સાધનાનો રસીયો થઇ સંપૂર્ણ આત્મ તત્ત્વની સિદ્ધિ-નિર્વાણ પદ પામે. દેવચંદ્ર મુનિ કહે છે કે-શુદ્ધ પરમાત્મ પદના સેવન-થકી અત્યંત ઉત્કૃષ્ટ સહજ અનુપચરિત અવ્યાબાધ આત્મિક પરમાનંદની પ્રાપ્તિ થાય-(૮)

---

# વર્તમાન-સમાચાર

## શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાલી (સુખડીયા) વિદ્યાર્થીગૃહ (પાઇફંડ)

ઉપરોક્ત સંસ્થાનો પ્રથમ વાર્ષિક રિપોર્ટ (સં. ૨૦૦૬ના અશાડ માસથી સં. ૨૦૦૭ અશાડ સુધીનો) તેના માનદ્ મંત્રી શેઠ સવાઇલાલ અમૃતલાલ શેઠ તરફથી મળ્યો છે.

સૌરાષ્ટ્રની આ જ્ઞાતિ બહુ મોટી નહિં તેમ બહુ શ્રીમંત નહીં તેમ જોઇયે તેટલી શિક્ષિત નહિં હોવાથી ભાવિ પ્રજા કેમ શિક્ષિત થાય તેવા હેતુથી જમાનાને અનુસરી પોતાની જ્ઞાતિના બાળક, બાળાઓને કેળવણી લેતાં વિશેષ થાય તે માટે વિદ્યાર્થીગૃહ ખોલવાની યોજના તૈયારી એક વર્ષ પહેલાં કરી હતી અને તે માટે પાઇફંડની યોજના શરૂ કરી હતી. આ રિપોર્ટ વાંચતા જ્ઞાતિભાઇઓ તરફથી તેના સેક્રેટરીના સુપ્રયત્નને સારો આવકાર મળ્યો છે. ઉપરોક્ત કાર્યો માટે નિમાયેલ કાર્યવાહક કમિટીની મિટીંગો પણ મળી હતી, જ્ઞાતિબંધુઓનો તે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારો સહકાર હોવાથી ભાવિમાં અમે તેની પ્રગતિ ઇચ્છીયે છીયે અને વિદ્યાર્થીગૃહનું સ્થાન, અનુષ્ઠાન જલ્દી તૈયાર કરી જ્ઞાતિના બાળકોને શિક્ષણ માટે જલ્દીથી ઉત્તેજન મળી શકે તે માટે પ્રયત્ન કરવા તેની કમિટીના કાર્યવાહકોને સૂચના કરીયે છીએ.

## અમારા મૂળ સંસ્કૃત પ્રાકૃત સાહિત્ય માટે અભિપ્રાય.

**સભાએ પ્રકાશિત કરેલા ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્ર મહાકાવ્યના સંબંધમાં પુનાના વિદ્વવર્ય ડૉ. શ્રી વાસુદેવ વિશ્વનાથ ગોખલેનો અભિપ્રાય.**

શ્રીમાન ડૉ. **વાસુદેવ વિશ્વનાથ** ગોખલે M. A. Phd. ફર્ગ્યુસનકૉલેજ( પુના )માં જર્મન ભાષાના અધ્યાપક છે, અને તે ઉપરાંત ટિબેટન ચાઈનીઝ, ફ્રેંચ, પાલી તથા બુદ્ધિસ્ટ સાહિત્યના ઉચ્ચ કોટિના સમર્થ વિદ્વાન છે તથા ટિબેટમાં ભારત સરકારના એલચીખાતામાં હમણાં જ કામગીરી બજાવીને પાછા ફર્યા છે. તેઓ મુનિ જંબૂવિજયજી ઉપરના પત્રોમાં **જૈન આત્માનંદ સભાએ** પ્રકાશિત કરેલા **ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર** સંબંધમાં તેમનો અભિપ્રાય આપતાં નીચે મુજબ જણાવે છે. મૂળ પત્ર મરાઠી ભાષામાં છે. તેનું ગુજરાતી ભાષાંતર અહીં આપવામાં આવ્યું છે.

39/14-15 Kachare Wadi
Prabhat road.
Vasudev. V. Gokhale Poona 4.

પૂજ્ય મુનિજી,

આપનો તા. ૩૦ એપ્રીલનો પત્ર વાંચી ઘણો આનંદ થયો.

આચાર્ય હેમચંદ્રનું "**ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર**" મળવાથી ઘણો આનંદ થશે, એ કહેવાની જરૂર નથી. આ ગ્રંથ સુપ્રસિદ્ધ જ છે. અનેક વ્યવધાનોને લીધે જૈન સાહિત્ય વિશેષ પ્રમાણમાં વાંચવામાં આવ્યું નથી, પરંતુ તેનું મહત્ત્વ અને અધ્યયનની આવશ્યકતા, એ હું નિશ્ચિતપણે ઓળખું છું, અને અનુકૂળતા પ્રમાણે આ વિષયમાં હું થોડી વધારે ગતિ કરી લેવાનો છું.

આપનો કૃપાભિલાષી
વા. વિ. ગોખલે.
૨૬-૫-૫૧.

પૂજ્ય મુનિવર,

આપનું તા. ૨૨ નું પોસ્ટકાર્ડ મળ્યું. ત્યાર પછી ભાવનગરથી કાલે જ **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર મહાકાવ્યના** બન્ને ભાગો રજીસ્ટર્ડ પોસ્ટથી આવ્યા. તેની પહોંચ તાબડતોબ આભારપૂર્વક પ્રકાશકોને જણાવી દીધી છે. પ્રકાશનનું બહિરંગ અન્તરંગને અનુરૂપ એવું જ સર્વાંગ સુંદર થયેલું છે. ગ્રંથની આકર્ષકતા કોઇપણ માણસને તેનું અધ્યયન કરવા પ્રવૃત્ત કરે તેવી છે. આ ભેટ બદલ આભાર માનવો, એ ઔપચારિક લાગશે, તોપણ આપની કૃપા બદલ મારા મનમાં હમેશાં કૃતજ્ઞતા રહેશે, એ કહેવાની જરૂર નથી.

( સહી ) વા. વિ. ગોખલે

## સ્વીકાર–સમાલોચના.

**દેશનાનન્દસુધાસિન્ધુઃ** વિભાગ ૧લો
દેશનાકાર **પૂજ્ય આચાર્યદેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ.**

શ્રી જામનગરના ચાતુર્માસ દરમ્યાન આચાર્ય મહારાજે શ્રી ભગવતીજી સૂત્રના ૧૦૫ વ્યાખ્યાનો વિદ્વત્તાપૂર્ણ રીતે આપ્યા છે. સાથે તે સૂત્રની શાસ્ત્રીય પ્રસ્તાવના બહુ જ સુંદર અને મનન કરવા યોગ્ય હોઇ વાચક જો મનનપૂર્વક વાંચે તો ઘણું ઘણું જાણવાનું મળે તેવું છે. તેનું સંશોધન અને સંપાદન દરેક દેશનામાંથી દેશના પૂર્ણ થયા પછી તેનો સારાંશ બહુ ઉપયોગી આપ્યો છે. શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજે પણ બહુ જ પ્રયત્નપૂર્વક પ્રશંસનીય સંપાદન કરેલ છે. સુંદર કાગળો છાપકામ અને કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ લાઇબ્રેરીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રૃંગારરૂપ બનેલ છે. કિંમત રૂા. ૬–૧૨–૦ પ્રકાશક શ્રી રૂપભદેવજી છગનીરામજીની પેઢી ઉજ્જૈન (માલવા)

**૨ શ્રીમદ્ ઉમાસ્વાતિવિરચિત શ્રી હરિભદ્રસૂરિ વિરચિત વિવરણ સહિત. શ્રી પ્રશમરતિ-પ્રકરણ ગ્રંથ** પ્રસિદ્ધકર્ત્તા જીવણચંદ સાકરચંદ ઝવેરી મંત્રી શ્રી દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધારફંડ સુરત કિંમત રૂા. ૧–૪–૦. આ ગ્રંથનો વિષય આત્માના શાંતરસનો એકાંત ઉપદેશ છે. જો કે આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે છતાં તેનો અનુવાદ ગુજરાતી ભાષામાં કરવામાં આવે તો જરૂર વાચક મનનપૂર્વક વાંચે તો જરૂર પોતે ગ્રહણ શકે તેવો શાંતરસ અનુભવી શકે. આ કૃતિ આ પ્રથમ વખત પ્રકટ થાય છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ આ ગ્રંથના વિવરણ કર્ત્તા છે એમ તેની પ્રસ્તાવનામાં સિદ્ધ કરી આપેલી છે. આવા અપૂર્વ આત્મકલ્યાણના સાધનરૂપ ગ્રંથો શ્રવણમનનનિદિધ્યાસન કરવાથી આત્મામાં શાંતરસ ઉત્પન્ન થાય છે. પ્રકાશક સંસ્થાને અમારી વિનંતિ કે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રગટ કરે તો ઘણા ભવ્યાત્માઓ સારો લાભ લઈ શકશે.

આ ગ્રંથમાં આવેલ જુદા જુદા બાવીશ અધિકારોની નોંધ તેની સાથે છૂટા છૂટા દરેક વિષયોની નોંધ સાથે આપી છે. સુંદર કાગળો અને શાસ્ત્રીય ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ છે. પંન્યાસજી **શ્રી ધર્મસાગરજી** મહારાજ તરફથી અમોને ભેટ મળેલ બંને ગ્રંથો સાભાર સ્વીકારીયે છીયે.

## આ સભાના શ્રી જ્ઞાનમંદિર માટે ભેટ

આ સભા પાસે બે હજાર હસ્તલિખિત પ્રતો છે તેનું બધી રીતે સંરક્ષણ કરવા માટે અને લાંબા વખત સચવાઈ રહે તે માટે એક ફાયર પ્રુફ મકાન સભા તરફથી તૈયાર કરવામાં આવ્યું છે; તેને માટે લોખંડ (ફાયર પ્રુફ) કબાટો પણ આવી ગયા છે. તે સંરક્ષિત ત્રણ કબાટો નીચે લખેલા જૈનબંધુઓએ ભેટ આપી જ્ઞાનભક્તિ કરી છે. તે માટે આભાર માનવામાં આવે છે.

૧ શેઠશ્રી ઓધડભાઈ રામજીના સુપુત્રો શ્રીયુત ગંભીરદાસ તથા દુર્લભદાસ.

૨ શેઠ નરોત્તમદાસ શામજીભાઈ.

૩ શાહ મગનલાલ હરજીવનદાસ. (ફોટોગ્રાફર)

## શ્રીયુત્ બબલચંદભાઈ કેશવલાલ મોદીનો સ્વર્ગવાસ

અમદાવાદના વતની અને મુંબઈના અગ્રગણ્ય ગણાતાં શેઠશ્રી બબલચંદભાઈ તા. ૧૭–૯–૫૧ સોમવારનાં રોજ હૃદય બંધ પડવાથી પંચત્વ પામ્યા છે. શ્રી બબલચંદભાઈ મુંબઈમાં સાયકલના એક સુપ્રસિદ્ધ વ્યાપારી હતા, અને તે વડે મળેલ લક્ષ્મીની આત્મકલ્યાણ માટે નિરંતર સખાવતો કરતા હતા. તેમનાં પૂજ્ય પિતા શ્રીયુત કેશવલાલભાઈ પ્રેમચંદ બી.–એ, એલ–એલ-બી. વકીલાતનો ધંધો કરતા હતા. સાથે શેઠ આણંદજી કલ્યાણજી- (તીર્થકમીટી)ની બીજા ધર્મનાં કાર્યો સાથે સારી સેવા કરતા હતા. ધર્મનું જ્ઞાન પણ તેઓશ્રી સારૂં ધરાવતા હતા. સાક્ષર અને સંસ્કારી પુરુષ હતા; અને તે સર્વ વારસો શ્રી બબલચંદભાઈને મળ્યો હતો. શ્રી બબલચંદભાઈ એજ્યુકેશનબોર્ડ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને બીજી કેલવણીની સંસ્થા સાથે સંકળાયેલા હોવાથી સારી સેવા કરતા. શ્રી મુંબઈ ગોડીજી મહારાજની પેઢીના એક ટ્રસ્ટી હોવા સાથે બીજી જૈન સમાજની જાહેર પ્રવૃત્તિઓમાં પણ સારો ભાગ લેતા હતા. આ સભાના તેઓશ્રી માનવંતા, પેટ્રન હતા અને સાહિત્યરસિક હોવાથી શ્રી વસુદેવ-હિંડી જેવા અતિ પ્રાચીન ઇતિહાસ કથા સાહિત્ય ગ્રંથનો અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આ સભાને આર્થિક સહાય પણ આપી હતી. આવા એક સેવાભાવી, અગ્રગણ્ય જૈન બંધુના સ્વર્ગવાસથી જૈન સમાજ અને આ સભાને તેમની ખરેખરી ખોટ પડી છે. તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીશે છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત–

### શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષ ચરિત્ર મૂળ.

**( બીજો ભાગ–પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )**

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણય-સાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## જ્ઞાન પ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વ જનસમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠન–પાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે સુંદર સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રથમ ભાગની એટલી બધી પ્રશંસા થઈ હતી કે તેનો બીજો ભાગ જલદી પ્રકટ કરવા ઉપરા ઉપર માંગણી થતાં આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે તે પ્રકટ કરવામાં આવેલ છે. તેનો કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વનો પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭–૮–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, સુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇન્ડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સાદા સરલ અને ટુંકા છે. તેમાં ( જિનેન્દ્ર ભગવંતો ) ના વિવિધ રંગના શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ રેખા ચિત્રો રંગીન મુકી ગુજરાતી ભાષાંતર છપાવવાનું કાર્ય શરૂ થયું છે. જેમાં ચરિત્રો સાથે પરમાત્મા પચ્ચીશી પરમાત્મા જ્યોતિ પચ્ચીશી, શ્રી વીતરાગ સ્તોત્ર અને શ્રીમાન હરિભદ્રસૂરિકૃત પ્રથમ અષ્ટક મૂળ અનુવાદ સાથે આ ચરિત્ર ગ્રંથમાં આપવામાં આવશે. આ ચરિત્ર ગ્રંથ પુણ્યપ્રભાવક ઝવેરી શેઠ **ભોગીલાલભાઈ** રીખવચંદ સુકૃતની મળેલી લક્ષ્મીવડે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે આર્થિક સહાય આપી આત્મ-કલ્યાણ કરેલ છે.

---

## આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો.

જન સમુહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથાનુયોગ ( કથા સાહિત્ય ) માંથી પુષ્પો લઇ જુદી જુદી આદર્શ ( જૈન સ્ત્રી રત્નો ) **શીલવતી** વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્ત્રી–ગૃહિણી અને પવિત્ર સ્ત્રી રત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબન રૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠન, પાઠન કરતાં અનેક વિધ આદર્શો અનુપમ રીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકોને મનન પૂર્વક વાંચવા નમ્ર સુચના છે. ટાઇપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઇન્ડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ અલગ. ફક્ત જુજ નકલો સીલીકમાં છે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only